બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને પ્રસૂતિ રજા મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૩/૧૭૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/૦૫/૨૦૨૨.

કો. મ૫
નં. ક્ર 5505
શાખા
02 JUN 2022
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:-**

(૧)વિભાગનો તા.૨૧/03/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૩/૧૭૪/ગ.

(૨)નાણા વિભાગનો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧.

(૩)સામાન્ય વહિવટ વિભાગનો તા.30/૦૬/૨૦૧૫નો પરિપત્ર ક્રમાંક: સીઆરઆર/ ૧૧/ ૨૦૧૫/ ૪૭૦૩૯૭/ ગ.૫.

(૪)નાણા વિભાગનો તા.૧૦/૦૬/૨૦૧૪નો પરિપત્ર ક્રમાંક: રજઅ/૧૦૨૦૧૪/યુઓ-૨/પી.

(૫)શિક્ષણ વિભાગનો તા.૨૮/૦૧/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૦૬/૧૪૨૨/ગ.

(૬)કમિશનરશ્રી શાળાઓની કચેરીનો તા.૧૭/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક: ઘ/માન્ય/અનદ-૧/ ૨૦૨૨/૮૫૮.

**આમુખ:-**

વિભાગના તા.૨૧/03/૨૦૧૭ના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો તથા સાથી સહાયકો તરીકે માન્ય ભરતી પદ્ધતિ દ્વારા ફિક્સ પગારથી નિમણૂંક પામેલ મહિલા કર્મચારીઓ તેમજ નિયમિત શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને તા.૧૩/૧૧/૨૦૧૪ થી ૧૮૦ દિવસની પ્રસૂતિ રજાનો લાભ આપવામાં આવેલ છે. સામાન્ય વહિવટ વિભાગના તા.30/૦૬/૨૦૧૫ના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના પરિપત્રથી નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ તથા સામાન્ય વહિવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવોની શરતોને આધીન તથા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૯(એ)ની જોગવાઈ હેઠળ નિમણુંક પામેલ કર્મચારીને નાણા વિભાગના તા.૧૦/૦૬/૨૦૧૪ના ઠરાવની સૂચના અને ગુજરાત મુલ્કી સેવા(રજા નિયમો) ૨૦૦૨ની જોગવાઈ મુજબ પ્રસૂત રજા મળવાપાત્ર થશે તથા કરારીય સમયગાળો પૂર્ણ કરતી વેળએ આ પ્રસૂતિ રજા જેટલો સમયગાળો કરારીય સમયગાળામાં ઉમેરવાનો રહેશે નહિ તેવી સ્પષ્ટતા કરવામાં આવેલ છે. વિભાગના તા.૨૧/૦૮/૨૦૦૮ના વંચાણે લીધા ક્રમાંક(૫) સામેના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૧૬/૦૨/૨૦૦૬ બાદ કરવામાં આવેલ તમામ સહાયકોની નિમણૂંકોમાં નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવની બોલીઓ અને શરતો લાગુ પાડવામાં આવેલ છે.

કમિશ્નરશ્રી શાળાઓની કચેરી દ્વારા તા.૧૭/૦૧/૨૦૨૨ના વંચાણે લીધા ક્રમાંક(૬) સામેના પત્રથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફિક્સ પગારથી નિમણૂક પામેલ મહિલા કર્મચારીઓને ફિક્સ પગારનો સમયગાળો પૂર્ણ કરતી વેળાએ પ્રસૂતિ રજાઓનો સમયગાળો ફિક્સ પગારની નોકરીમાં ઉમેર્યા વગર નિયમિત પગારમાં સમાવવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૧૬/૦૨/૨૦૦૬ બાદ નિમણૂંક પામેલ તમામ સહાયકો કે જેઓની નિમણૂંક નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવની બોલીઓ અને શરતો મુજબ થયેલ છે, તેવા સહાયકોનો કરારીય સમયગાળો પૂર્ણ કરતી વેળાએ પ્રસૂતિ રજા જેટલો સમયગાળો કરારીય સમયગાળામાં ઉમેર્યા સિવાય પૂરા પગારમાં સમાવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૧/૦૫/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એચ.હેડંબા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ.૧/છ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.